## પ્રકરણ - (૫)

**'સામાન્ય અભિનય' અંતર્ગત આંગિક અભિનય :**

નાટ્યશાસ્ત્રના ૨૪મા અધ્યાયમાં, વાક્, અંગ તથા સત્વ ઉપર નિર્ભર (વાગંગસત્વજ:) અર્થાત્ આંગિક, વાચિક તેમજ સાત્વિક અભિનયનું સમન્વિત સ્વરુપ એવા 'સામાન્ય અભિનય' અંતર્ગત અભિનયને પુન: બે મોટી શ્રેણીઓમાં વિભાજિત કરવામાં આવ્યો છે. (૧) સત્વથી ઉત્પન્ન સાત્વિક અભિનય તથા (૨) શારીરાભિનય અહીં સાત્વિક અભિનય સિવાયના અભિનયને 'શારીરાભિનય' કહેવામાં આવે છે.

ભરતમુનિની દૃષ્ટિએ, સમાનીકૃત 'શારીર અભિનય' ૬ પ્રકારનો હોય છે. (૧) વાક્ય, (૨) સૂચા (૩) અંકુર (૪) શાખા (૫) નાટ્યાયિત તથા (૬) નિવૃત્યંકુર.

(અધ્યાય ૨૪ શ્લોક ૪૧ને)

કવિ કાલિદાસે 'માલવિકાગ્નિમિત્ર' નાટકમાં 'ગણદાસ'ના મુખે 'પંચાંગાભિનય'નો ઉલ્લેખ કરાવ્યો છે. માલવિકાની નૃત્યતાલીમ વિશે પૃચ્છા કરવા આવેલી, રાણી ધારિણીની દાસી બકુલાવલિકા, નાટ્યાચાર્ય ગણદાસને, તેમની શિષ્યા માલવિકા ક્યાં હશે તેવો પ્રશ્ન પુછે છે, તેના જવાબમાં ગણદાસ જણાવે છે કે,

ગણદાસ : હમણાંજ પંચાંગ અભિનય શીખવીને મેં તમને વિશ્રામ લેવા કહયું છે.

(મા.અ.અંક ૧/૬-૨)

આ 'પંચાગ અભિનય' સાથે 'શારીરાભિનય'ને સરખાવી શકાય. પંચાગ અભિનય એટલે પાંચ અંગો દ્વારા થતો અભિનય. આ અભિનયમાં કયા પાંચ અંગોનો ઉપયોગ થાય છે, તે અંગે જુદા જુદા મતો પ્રવર્તે છે. કેટલાક એમ માને છે કે મન, નેત્ર, ભ્રમર, હાથ અને પગ એ પાંચ અંગો દ્વારા આ પ્રકારનો અભિનય થાય છે. તો કેટલાકના મતે અભિનયનાં પાંચ અંગો આ પ્રમાણે છે. નૃત્ત, કૈવાર, મર્મર, જાગર અને ગીત. આ પ્રકારના પાંચ અંગોથી

જનતા પંચાંગાભિનયનું ભરતમુનિ નિરુપિત ૬ પ્રકારના શારીરાભિનય સાથે સામ્ય છે. કેટલાકના મતે બે હાથ, બે પગ અને એક મસ્તક એ પાંચ અંગો દ્વારા થતો અભિનય એ પંચાંગ અભિનય છે.

## શારીરાભિનયના પ્રભેદો

( ૧ )

### વાક્ય :

વાક્ય, શારીર અથવા બીજા શબ્દોમાં કહીએ તો વાચિક અભિનય છે. વિવિધ રસ તેમજ અર્થથી યુક્ત ગદ્યમય અથવા પદ્યમય તેમજ સંસ્કૃત ભાષાયુક્ત વાક્ય (કાવ્ય)નો અભિનય 'વાક્ય' અભિનય કહેવાય છે, એવું ભરતમુનિનું વિધાન છે. (અધ્યાય ૨૪ શ્લોક ૪૨) આમ વાક્યાભિનયના ચાર ભેદ છે (૧) ગદ્ય (૨) પદ્ય (૩) સંસ્કૃત (૪) પ્રાકૃત. ગદ્યનું પઠન તે ગદ્ય વાક્યાભિનય, પદ્યનો પાઠ તે પદ્ય વાક્યાભિનય. સંસ્કૃતનું પઠન એટલે સંસ્કૃત વાક્યાભિનય અને પ્રાકૃતનો પાઠ એટલે પ્રાકૃત વાક્યાભિનય. આ તમામ વાક્યાભિનયો વિવિધ રસ તેમજ અર્થયુક્ત હોય છે.

ડો. કપિલા વાત્સ્યાયને પણ વાક્યાભિનયને મુખ્યત્વે નાટકમાં પ્રયોજાતો 'વાચિક અભિનય' જ માન્યો છે. ( Classical Indian Dance in Literature and the Arts પૃ. ૨૬ )

( ૨ )

### સૂચા :

' સૂચા' શારીરાભિનયનું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે જે વાક્ય અથવા તેના અર્થને, પહેલાં સાત્વિક તથા શારીરિક ચેષ્ટાઓ દ્વારા વ્યક્ત કરી પછી, શબ્દોના માધ્યમ વડે અર્થાત્ વાચિક અભિનય વડે તેને ફરીથી અભિવ્યક્ત કરવામાં આવે તો તેને સૂચા પ્રકારનો શારીરાભિનય કહે છે. (અધ્યાય ૨૪ શ્લોક ૪૩) સૂચાભિનયનો મુખ્યત્વે નૃત્ય તથા ગીતમાં વિશેષ ઉપયોગ થાય છે.

સંસ્કૃત નાટ્યસાહિત્યમાં સૂચા અથવા સૂચ્ય અભિનયના અનેક ઉદાહરણો મળી આવે છે જેની વિગતવાર ચર્ચા પ્રસ્તુત અધ્યાયના સાતમાં પ્રકરણમાં કરવામાં આવી છે.

( ૩ )

**અંકુર :**

'અંકુરાભિનય'નું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે સૂચા પ્રકારના અભિનયમાં હૃદયસ્થ ભાવોને નિપુણતાપૂર્વક આંગિક ચેષ્ટાઓ વડે વ્યક્ત કરવામાં આવે તો 'અંકુરાભિનય' કહેવાય છે. (અધ્યાય ૨૪ શ્લોક ૪૪) આ પ્રકારના અભિનયમાં હૃદયમાં સ્થિત ભાવોને શબ્દો તેમજ અંગો વડે નિપુણતાથી રજૂ કરવાનો સંકેત રહેલો છે. આ અભિનય-પ્રક્રિયા નૃત્ય માટે ઉપયુક્ત બને છે. અંકુરને નિપુણ પ્રયોક્તાજ કાર્યાન્વિત કરી શકે છે. ઉપજીવ્ય તો કવિ-વાક્યજ હોય છે, પ્રયોક્તા કલ્પના વડે તેને પ્રભાવશાળી બનાવે છે. 'અંકુર' અભિનયમાં વાણી અને અંગોનો સમન્વય ભરતમુનિને ઇષ્ટ છે.

સંસ્કૃત નાટ્યસાહિત્યમાં 'અંકુર' અભિનયના અનેક ઉદાહરણ મળી આવે છે જેની વિગતવાર ચર્ચા પ્રસ્તુત અધ્યાયના સાતમાં પ્રકરણમાં કરવામાં આવી છે.

( ૪ )

**શાખા :**

'શાખાભિનય'નુ લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે શિર, મુખ, જંઘા, ઉરુ, પાણિ (હાથ) તથા પાદ (પગ) દ્વારા યથાક્રમ અભિનય, શાખાદર્શિત માર્ગ અનુસાર, અર્થાત્ સૌષ્ઠવપૂર્વક પ્રસ્તુત કરવામાં આવે તો તેને 'શાખાભિનય' કહે છે.

( અધ્યાય ૨૪ શ્લોક ૪૫ )

ભરતમુનિ અહીં શિર, મુખ, જંઘા, ઉરુ, પાણિ તથા પાદનો અભિનય યથાક્રમ અર્થાત્ એક બીજાને અનુસરે તે રીતે કરવાનું જણાવે છે. આ અભિનય શાખાદર્શિત માર્ગ પ્રમાણે કરવાનું પણ કહ્યું છે. શાખાનો અર્થ થાય છે 'વર્તના'. શાખાદર્શિત માર્ગનો અર્થ થશે શાખાના વ્યાપાર અર્થાત્ વર્તનાક્રમથી અભિનય રજૂ કરવો. નાટ્યશાસ્ત્રમાં અન્યત્ર (અધ્યાય ૧૧/૯૦ પ્રક્ષિપ્ત) વર્તનાક્રમથી સંયોજિત અભિનયને સૌષ્ઠવપૂર્ણ બનાવવામાં આવ્યો છે. 'સંગીતરત્નાકર' માં શાખાભિનયનું સ્વરુપ આ પ્રમાણે બતાવવામાં આવ્યું છે. અત્ર શાખેતિ

વિખ્યાતા વિચિત્રા-કર વર્તના અર્થાત્ ભાષણ પૂર્વે અથવા કથોપકથન સમયે પ્રશ્નો દ્વારા વિભિન્ન રુપોમાં હાથ સ્પંદિત કરવા શાખા કહેવાય છે. આ અભિનયનો પાઠ્યાભિનય રજૂ કરવામાં સહયોગ મળી રહે છે. (સંગીત રત્નાકર અધ્યાય ૭-૩૬-૩૮)

ડો.કપિલા વાત્સ્યાયનના મતે 'શાખા' એ એક વિશિષ્ટ પ્રકારનો નૃત્યસંપ્રદાય- School of Dance -હતો જેમાં કેટલીક 'રીતિબધ્ધ' બાહુ ચેષ્ટાઓ Stylized arm movements પ્રયોજવામાં આવતી. આ પ્રકારની રીતિબધ્ધ બાહુચેષ્ટાઓ આજે પણ બાલી અને જાવા દેશોના પારંપારિક નૃત્યોમાં જોવા મળે છે. ( Classical Indian Dance in Literature and the Arts પૃ. ૨૭૬) ડો.કપિલા વાત્સ્યાયને નૃત્યને નૃત્ત અને અભિનય એ બે મુખ્ય ભેદોમાં વિભાજિત કર્યા પછી 'અભિનય'ને પુન: 'મુખજ' અને 'શાખા'માં વિભાજિત કરી હસ્ત, બાહુ તથા શરીરના ઉપરી તેમજ નિમ્ન અંગો દ્વારા થતા અભિનયને 'શાખા' સંજ્ઞા આપી છે. ( એજન પૃ.૩૩ )

( ૫ )

નાટ્યાયિત :

'નાટ્યાયિત' અભિનયનું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે, નાટકના આરંભે, વિભિન્ન (પ્રકારોના) સૂચા અભિનય (જે સૂચનાઓ આપવામાં આવે) કે જે સમયના ઉત્કર્ષની સાથે ઔપચારિકતા સંપન્ન કરવા માટે પ્રયોજવામાં આવે છે અને જેની સમાપ્તિ સાથે મંચ ઉપર પાત્રો પ્રવેશે છે તેને નાટ્યાયિત અભિનવ સમજવો. (અધ્યાય ૨૪ શ્લોક ૪૬) નાટ્યપ્રયોગનો આરંભ થતાં પહેલાં, નૃત્ય તથા ગીતની સાથે આંગિક ચેષ્ટાઓને સાંકળીને, અભિનય રજૂ કરવા માટે નાટ્યાયિત અભિનય સંયોજવામાં આવે છે. પ્રયોક્તા અભિનેતાઓના પ્રવેશ પહેલાં, સમયયાપન માટે, નાટ્યના આરંભમાં, નૃત્ય તથા ગીતનો પ્રયોગ કરવામાં આવે છે. ભાવ અને રસથી પ્રેરિત હર્ષ, રોષ અને શોક વિગેરેના સંદર્ભમાં ધ્રુવાગાનમાં જે અભિનય સંપાદિત થાય છે તેને પણ નાટ્યાયિત અભિનય સમજવો એવું ભરતમુનિનું વિધાન છે. ( અધ્યાય ૨૪ શ્લોક ૪૭)

આમ ભરતમુનિએ નાટ્યાચિત પ્રકારના શારીરાભિનયના મુખ્ય બે પ્રકાર માન્યા છે. (૧) નાટ્યપ્રયોગના આરંભ પૂર્વે નૃત્ય તથા ગીત સાથે સંયોજાતો આંગિક અભિનય અને (૨) ભાવ અને રસથી પ્રેરિત હર્ષ, શોક, રોષ, વિગેરેના સંદર્ભમાં ધ્રુવાગાનમાં પ્રયોજાતો અભિનય.

નાટકના 'પૂર્વરંગ'માં નૃત્તાશ્રિત જે આંગિક ચેષ્ટાઓ કરવામાં આવે છે તેને ભરતમુનિ 'નાટ્યાચિત' પ્રકારનો શારીરાભિનય કહેતા જણાય છે.

( ૬ )

નિવૃત્ત્યંકુર :

'નિવૃત્ત્યંકુર' અભિનયનું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે જ્યારે કોઇ બીજા પાત્ર દ્વારા કહેવામાં આવેલા વચનોને કોઇ અન્ય પાત્ર સૂચા અભિનય દ્વારા અભિનીત કરે અને તે રીતે સંબંધિત ઘટનાને સાભિનય રજૂ કરે તો તેને નિવૃત્ત્યંકુર અભિનય કહે છે. (અધ્યાય ૨૪ શ્લોક ૪૮) જ્યારે બીજા પાત્ર દ્વારા ઉચ્ચારિત વાક્યોને અન્ય પાત્ર સૂચા અભિનય દ્વારા પ્રસ્તુત કરે તો તે નિવૃત્ત્યંકુર અભિનય બને છે.

મૃચ્છકટિક' નામના પ્રકરણમાં વસન્તસેનાના અનુસરણવાળું દૃશ્ય કે જેમાં શકાર અને વિટની ઉક્તિઓને વસંતસેના અભિનીત કરે છે તે 'નિવૃત્ત્યંકુર' નામના શારીરાભિનયનું ઉત્તમ ઉદાહરણ છે. શ્રીહર્ષદેવના 'રત્નાવલી' નાટકના ચોથા અંકમાં આગનું દૃશ્ય આંગિક અને વાચિક અભિનયથી તાદૃશ કરવામાં આવે છે તે પણ 'નિવૃત્ત્યંકુર' શારીરાભિનયનુંજ ઉદાહરણ છે. આ ઉદાહરણો અંગે વિગતવાર ચર્ચા પ્રસ્તુત અધ્યાયના સાતમાં પ્રકરણમાં કરવામાં આવી છે.

ભરતમુનિએ, 'આ, શારીર-અભિનયો એકબીજાને અનુસરે' તેવું વિધાન કરે છે. જો આ વિવિધ પ્રકારના શારીર અભિનયો એક બીજાને અનુસરતા ન હોય તો તેથી નાટ્યાર્થ બોધની કલ્પનાજ થઇ શકતી નથી. આ અભિનયોની સાથે 'પાઠ્ય'નો યોગ રાખવાનું પણ ભરતમુનિ જણાવે છે.

## સામાન્ય અભિનયનાં લક્ષણો

'સામાન્ય અભિનય'અંતર્ગત ભરતમુનિ 'આભ્યન્તર' અને 'બાહ્ય'નામના બે અન્ય

અભિનયરુપો નિરુપતાં પહેલાં 'સામાન્ય અભિનય' ના બે લક્ષણો નિરુપે છે.

(૧)

શિરોવદનપાદોરુ જંઘોદરકટીકૃત : ।
સમ: કર્મવિભાગો ય: સામાન્યાભિનસ્ત સ: ।। ૭૨ ।।

જેનો મસ્તક, ચહેરો, પગ, ઉરુ, જંઘા, ઉદર તથા કટિ દ્વારા એક સાથે નિર્માણ પામો, ભાવાભિનય પ્રસ્તુત કરવામાં આવે તો તેને 'સામાન્ય અભિનય' સમજવો જોઇએ.

આજ શ્લોકનો પાઠભેદ પણ મળે છે.

શિરોહસ્તકટી વક્ષો જંઘોદર કટીગત : ।
સહકર્મવિભાગો ય: સામાન્યભિનયસ્તુ સ: ।।

મસ્તક, હસ્ત, કટિ, છાતી, જંઘા, ઉરુ તથા ઉદર દ્વારા એક સાથે પ્રસ્તુત કરવામાં આવતો અભિનય સામાન્યાભિનય સમજવો જોઇએ.

આ અભિનય કેવો રીતે પ્રદર્શિત થવો જોઇએ તે અંગે ભરતમુનિ જણાવે છે કે,

લલિતેર્હસ્તસંચારૈસ્તથા મૃદ્વંગચેષ્ટિતૈ: ।
અભિનેયસ્તુ નાટ્યજ્ઞૈ રસભાવસમન્વિતૈ :।। ૭૩ ।।

તેનો અભિનય ચતુર અભિનેતા-નાટ્યજ્ઞ-દ્વારા રસ તથા ભાવથી યુકત લલિત હસ્તસંચાર તથા સુકુમાર આંગિક ચેષ્ટાઓ દ્વારા પ્રદર્શિત કરવો જોઇએ.

ભરતમુનિના ઉપરોકત વિધાનો પરથી સ્પષ્ટ થાય છે કે,

' રસ-ભાવ-સમન્વિત, લલિત હસ્તસંચાર તથા મૃદુ આંગિક ચેષ્ટાઓથી યુકત શિર, હસ્ત, કટિ, વક્ષ, જંઘા, ઉરુ, ઉદર તથા મુખના અભિનય વ્યાપારોનું સંમીકરણ એટલે સામાન્ય અભિનય'

આમ ભરતમુનિ, આંગિક અભિનયનાજ એક પ્રભેદ 'ચેષ્ટાકૃત અભિનય' ના સમાનાર્થી તરીકે 'સામાન્ય અભિનય' નો ઉલ્લેખ કરે છે. પ્રસ્તુત બે શ્લોકોને આધારે સામાન્ય અભિનય' શરીરના અંગ ઉપાંગો દ્વારા થતો, રસ તથા ભાવથી સભર આંગિક અભિનયનોજ એક પ્રકાર હોવાનું ફલિત થાય છે.

## આભ્યન્તર-બાહ્ય અભિનય

ભરતમુનિનું વિધાન છે કે અનુધ્ધત, અસંભ્રાન્ત, અનાવિધ્ધ અંગચેષ્ટા વડે યુક્ત, લય, તાલ અને કલાના પ્રમાણોથી નિયત, પદાલાપ (સંવાદ) સુવિભાજિત, અનિષ્ઠુર અને અનાકુલ અભિનય રજૂ થવાથી અભ્યંતર નાટ્ય બને છે. (અ. ૨૪/૭૪, ૭૫) નાટ્યશાસ્ત્રમાં અભિનય માટે નિર્ધારિત લક્ષણો અનુસારી હોવાથી આ નાટ્યઆભ્યન્તર અથવા શાસ્ત્રાનુસારી હોય છે. (અ. ૨૪/૭૧) પરંતુ અભિનયમાં સ્વચ્છન્દતાથી ગતિ અને ચેષ્ટાનો પ્રયોગ થતો હોય, ગતી-વાદ્ય અનુબધ્ધ ન હોય તથા અન્ય અભિનયની પ્રક્રિયાઓ પણ વિપર્યસ્ત હોય તો તે નાટ્ય પ્રયોગ શાસ્ત્ર બાહ્ય હોવાથી 'બાહ્ય' ગણાય છે. (અ. ૨૪/૭૬).આચાર્યો દ્વારા નિર્ધારિત નિયમોની અપેક્ષા વિનાજ આ બાહ્ય નાટ્ય પ્રયોગોમાં શાસ્ત્ર બહિષ્કૃત પરંપરાઓનું અનુસરણ થાય છે. (અ. ૨૪/૭૭) ભરતમુનિ જણાવે છે તેમ આભ્યન્તર બાહ્ય ઉપયોગિતા રહેલી છે. (શ્લોક ૭૮) જે વ્યક્તિઓએ કોઇ યોગ્ય નાટ્યાચાર્ય પાસેથી શિક્ષણ મેળવ્યું ન હોય અથવા જેણે કોઇ શાસ્ત્રનું અધ્યયન કરી (પ્રતિભા તથા વ્યુત્પત્તિ દ્વારા પણ) આ શાસ્ત્રનું જ્ઞાન પ્રાપ્ત ન કર્યું હોય તો, તેઓ કેવળ ક્રિયાઓ (ચેષ્ટાઓ)ના અભિનયવાળા 'બાહ્ય' નાટ્યનુંજ સ્વતંત્રપણે પ્રદર્શન કરી શકશે. (અ. ૨૪/૭૯)

ભરતમુનિના મત પ્રમાણે શાસ્ત્ર નિર્દિષ્ટ લક્ષણોને અનુસરીને કરવામાં આવતો અભિનય 'અભ્યન્તર' અને શાસ્ત્ર બહિષ્કૃત સ્વચ્છંદપણે કરવામાં આવતો અભિનય 'બાહ્ય' પ્રકારનો ગણાય છે. ભરતમુનિના સમયમાં નાટ્યપ્રયોગનો આ બે પરંપરાઓ પ્રવર્તમાન હોવાનું જણાય છે. એકમાં શાસ્ત્રાનુમોદિત નાટ્ય નિયમોનો પ્રયોગ થતો જ્યારે બીજી પરંપરામાં શાસ્ત્ર બહિષ્કૃત નિયમોનું અનુસરણ થતું. અભિનવગુપ્તના મતે 'સામાન્યાભિનય' માં શાસ્ત્રાનુમોદિત, આચાર્યો દ્વારા નિર્ધારિત અભિનય પરંપરાનો પ્રયોગ થાય છે. શાસ્ત્ર બહિષ્કૃત સ્વચ્છન્દ અભિનય માટે કોઇ સ્થાન નથી.

'આભ્યન્તર' અને 'બાહ્ય' અભિનયના આ બે સ્વરુપોના નિરુપણ પછી ભરતમુનિ, ઇન્દ્રિયો દ્વારા લૌકિક વિષયોના પ્રત્યક્ષકરણની અભિનયવિધિ વર્ણવે છે. મનનો ઇન્દ્રિયો સાથેનો સંબંધ તથા ઇન્દ્રિયોના આકર્ષણ તેમજ નિકર્ષણ દ્વારા હૃદયમાં સ્થિત સત્વનોં પ્રાકટય સંબંધો ચર્ચા અહીં ભરતમુનિએ કરી છે. આ સમગ્ર ચર્ચામાં ભરતમુનિનો મુખ્ય તર્ક એ છે કે ઇન્દ્રિયોના માધ્યમ વડે વિવિધ લૌકિક વિષયોનું જ્ઞાન મનને થાય છે અને મનોદશા અનુસાર ઇન્દ્રિયોની પ્રતિક્રિયા થાય છે. આમ મન તથા ઇન્દ્રિયો એક બીજા સાથે ગાઢપણે સંકળાયેલા છે.

ઇન્દ્રિયાભિનય

ઇન્દ્રિયોના સંકેત દ્વારા મનના ભાવોનો અભિનય તે ઇન્દ્રિયાભિનય. ઇન્દ્રિયો પાંચ છે. (૧) નેત્રેંદ્રિય - આંખ (૨) ઘ્રાણેન્દ્રિય - નાક (૩) શ્રોત્રેંદ્રિય - કાન (૪) સ્વાદેંદ્રિય-જીભ અને (૫) સ્પર્શેંદ્રિય - ચામડી. આ ઇન્દ્રિયોના વિષયો પણ પાંચ છે. (૧) શબ્દ (૨) સ્પર્શ (૩) રુપ (૪) રસ અને (૫) ગંધ. આ પાંચ વિષયોનો ઉચિત આંગિક ચેષ્ટાઓ તથા સ્થિતિઓ દ્વારા અભિનય રજૂ કરવો જોઇએ એવું ભરતમુનિનું વિધાન છે. (સામાન્યભિનય-શ્લોક ૮૦(અ. ૨૪)) ઇન્દ્રિયો દ્વારા શબ્દ, રુપ, રસ, ગંધ અને સ્પર્શ પ્રત્યે કેવો રીતે પ્રતિક્રિયા અભિનીત થવો જોઇએ તેનું સુસ્પષ્ટ નિર્ધારણ ભરતમુનિએ લોકાચારના આધારે કર્યું છે.

શબ્દ

શબ્દ કે જે શ્રવણેંદ્રિયનો વિષય છે, તેનો અભિનય કેવી રીતે કરવો તે વિષે ભરતમુનિ જણાવે છે કે 'શબ્દનો અભિનય કરતી વેળા દૃષ્ટિ વક્ર રાખવી જોઇએ. તર્જની (પહેલી આંગળી)કાન ઉપર રાખી મસ્તક બાજુમાં સ્હેજ નમતું રાખી કંઇક સાંભળતા હોઇએ તેમ બતાવવું. (અ. ૨૪/૮૧)

સ્પર્શ

સ્પર્શ એ ચામડીનો વિષય છે. નેત્ર જરા સંકોચી, ભ્રમર ચડાવી તથા ખભા ગાલને અડાડી સ્પર્શ થયો હોય તેમ બતાવવું. (અ. ૨૪ /૮૨ )

## રુપ

'રુપ' આંખ વડે જોઇ શકાય છે. અર્થાત્ તે નેત્રેન્દ્રિયનો વિષય છે. બંને હાથ વડે પતાકા કરી શિર ઉપર રાખી, મુખ ચંચળ કરી, મુગ્ધ ભાવે જોતા હોઇએ તેવી દૃષ્ટિ કરી રુપ બતાવવું. (અ.૨૪/૮૩)

## રસ અને ગંધ

નાકથી ગંધ લઇ શકાય છે અને જીભથી વિવિધ સ્વાદનો અનુભવ થઇ શકે છે. એટલે કે રસ એ સ્વાદેન્દ્રિયનો વિષય છે અને ગંધ ઘ્રાણેન્દ્રિયનો. સ્વાદિષ્ટ રસ કે વાનગીઓ આસ્વાદ કરતાં હોઇએ તેમ મલકાતાં મલકાતાં પ્રસન્ન મુખથી તેમજ નેત્ર સંકોચી ~~નસકોરાં પ્રસન્ન મુખથી તેમજ નેત્ર સંકોચી~~, નસકોરાં ફુલાવી, શ્વાસ ઉંચો લઇ જઇ સ્વાદ અને સુગંધ બતાવવાં. (અ.૨૪/૮૪)

## ઇન્દ્રિય અને મન

ભરતમુનિની દૃષ્ટિએ ઇન્દ્રિયો દ્વારા જે અનુભાવોની વ્યંજના થાય છે તે અનુભાવ માત્ર ઇન્દ્રિયોનાજ નહીં પણ ઇન્દ્રિય સહિત મનના છે. ઇન્દ્રિયો તો મનની સુખ-દુ:ખાત્મક પ્રતિક્રિયાઓના પ્રતિફલનનું સાધન છે. ઇન્દ્રિયોના માધ્યમથી મન ઇષ્ટ અનિષ્ટ ભાવોનો અનુભવ કરે છે અને તેનાજ દ્વારા તે અભિવ્યક્તિ પણ સાધે છે. મનથી વિચ્છિન્ન થવાથી સ્વતંત્રરુપે ઇન્દ્રિયોને કોઇ અનુભવ થઇ શકતો નથી અને તેથીજ ભરતમુનિ જણાવે છે કે,

ઇન્દ્રિયાર્થા સમનસો ભવન્તિ હ્યનુભાવિન:<br>
ન વેત્તિ હ્યમના: કિંચિદ્વિષયં પઞ્ચધા ગતમ્ ॥ ૮૬ ॥

અર્થાત ઇન્દ્રિયોના આ વિષય મન અનુગત થવાથી અનુભવી શકાય છે. જે પુરુષ માનસિક ચેતનાહીન (અમના:) હોય તેને ઇન્દ્રિયોના વિષયોનું જ્ઞાન થઇ શકતું નથી. આમ ભરતમુનિના મતે પાંચ ઇન્દ્રિયો દ્વારા ખરી રીતે તો ઇષ્ટ, અનિષ્ટ તથા તટસ્થ એવા માનસિક ભાવોની અભિવ્યક્તિ થાય છે. ઇન્દ્રિયોના ભાવની નહિ. (અ.ભા.૩ પૃ.૧૮૪)

## મનોભાવાભિનય

કોઇ વસ્તુ પ્રત્યેની પોતાની પ્રિયતમા કે અણગમાનો ભાવ અભિનય દ્વારા દર્શાવવામાં આવે તો તેને મનોભાવાભિનય કહે છે. તે ભરતમુનિના મત પ્રમાણે ત્રણ પ્રકારનો છે. (૧) ઇષ્ટ (૨) અનિષ્ટ અને (૩) મધ્યસ્થ એટલે કે પ્રિય, અપ્રિય અને તટસ્થ. (પ્રિય કે અપ્રિય નહિ તે.) (અ. ૨૪ /૮૭ )

આ મનોભાવો અંગો દ્વારા કેવી રીતે દર્શાવવા તે વિશે ભરતમુનિએ વિસ્તૃતપણે ચર્ચા કરી છે.

### ઇષ્ટ

આલ્હાદયુકત ગાત્રો, આનંદ, રોમાંચ, પ્રફુલ્લિત મુખ વિગેરેથી ઇષ્ટ એવા શબ્દ, સ્પર્શ, રુપ, રસ અને ગંધ બતાવવાં. ( અ. ૨૪ /૮૮-૮૯ )

### અનિષ્ટ

ત્રસ્ત શિર, આકુંચિત નેત્ર, અ-દૃષ્ટિ (નજર ખેંચી લેવી) વિગેરે ચેષ્ટાઓથી અનિષ્ટ વિષયો બતાવવા.

### મધ્યસ્થ

અતિ આનંદિત નહિ તેમ અતિ તિરસ્કારયુકત નહિ એવા મધ્યભાવો વડે મધ્યસ્થ વિષયો બતાવવા. (અ. ૨૪ /૯૧)

સામાન્ય રીતે શૃંગાર રસના અભિનયથી ઇષ્ટ, બીભત્સના અભિનયથી અનિષ્ટ ને શાંત રસના અભિનયથી મધ્યસ્થ ભાવો બતાવાય છે.

### આત્મસ્થ, પરસ્થ તથા મધ્યસ્થ

મનોભાવાભિનયના વિવરણને અંતે ભરતમુનિ જણાવે છે કે જે પદાર્થ કોઇ વ્યકિત દ્વારા સ્વયં અનુભૂત થાય તેને આત્મસ્થ તથા જે બીજા દ્વારા બતાવવામાં આવે અથવા વર્ણન

કરવામાં આવે તો તે 'પરસ્થ' કહેવાય છે. 'આ તેના દ્વારા કરવામાં આવ્યું " આ તેનુ છે' અથવા 'તે આવું કરે છે' જેવા શબ્દપ્રયોગ વડે. પરોક્ષ રીતે અભિનીત થતો ભાવ 'મધ્યસ્થ' કહેવાય છે.

(અ. ૨૪/શ્લોક ૯૨ તથા ૯૩)

ભરતમુનિના 'ઇન્દ્રિયાભિનય' તથા 'મનોભાવાભિનય' વિવરણ પરથી સ્પષ્ટ થાય છે કે ઇન્દ્રિયો દ્વારા શબ્દ, રુપ, રસ, ગંધ અને સ્પર્શ પરત્વે કેવી પ્રતિક્રિયા અભિનીત થવી જોઇએ તેનું સુસ્પષ્ટ નિર્ધારણ 'લોકવ્યવહાર'ના આધારે કર્યું છે. ઇન્દ્રિયોના માધ્યમ વડે વિવિધ વિષયોનું જ્ઞાન મનને થાય છે, ઇન્દ્રિયોના મધ્યમથી મનને વિષયોનો સાક્ષાત્કાર થાય છે અને (મનોદશા અનુરુપ) ઇન્દ્રિયો દ્વારા વિભિન્ન ઇષ્ટ-અનિષ્ટ અને તટસ્થ મનોભાવ પ્રત્યક્ષ થાય છે. ભરતમુનિએ ઇન્દ્રિયો, તેના વિષયો અને મન - આ બધાનો એકસૂત્રરુપે વિચાર કરી સ્પષ્ટ કરી આપ્યું છે કે સર્વ અભિનયો - પછી તે આંગિક હોય, વાચિક હોય કે આહાર્ય -હૃદયસ્થ ભાવોને- મનુષ્યના 'સત્વ'નેજ પ્રગટ કરે છે.

નાટ્યશાસ્ત્ર પછી લખાયેલા ગ્રંથોમાં ભરતમુનિએ 'સામાન્ય અભિનય' અંતર્ગત નિરુપેલા આંગિક અભિનયના કેટલાક અંશોનું પુનઃકથન જોવા મળે છે.

'નાટકલક્ષણરત્નકોશ' અંતર્ગત સાગરનન્દીએ પંચાંગ અભિનય અંતર્ગત (૧) વાકયાભિનય (૨) સુચાભિનય (૩) અંકુરાભિનય (૪) શાખાભિનય તથા (૪) નિવૃત્યંકુર અભિનયનો ઉલ્લેખ કર્યો છે. જેને ભરતમુનિએ 'શારીરાભિનય' સંજ્ઞા આપી છે. જો કે બંને આચાર્યો દ્વારા નિર્ધારિત લક્ષણોમાં ભિન્નતા જોવા મળે છે. ભરતમુનિએ ગીત અથવા તેના મુળ સ્વરુપને વાકયાભિનય કહયો છે જ્યારે સાગરનન્દીએ નાયકના યુધ્ધ, પ્રહાર, વિગેરેના વર્ણનને વાકયાભિનય કહયો છે. ભરતમુનિએ ગીતની ભાવનાને વ્યકત કરવા માટે થતી તદાનુરુપ ચેષ્ટાઓને સુચાભિનય કહયો છે. જ્યારે સાગરનન્દીએ સુચિત અર્થ અથવા તથ્ય પુનઃ દર્શાવવા માટે થતા વાકયપ્રયોગને સુચાભિનય કહયો છે. ભરતમુનિએ અભિવ્યકિતના પ્રસ્ફુટીકરણને 'અંકુર' કહયો છે જ્યારે સાગરનન્દીએ અન્યના કથનને ટાંકી પોતાના મનમાં છુપાયેલી વાતને દર્શાવવી તેને અંકુરાભિનય કહયો છે.

ભરતમુનિએ શરીરના હસ્ત, પાદ, મુખ વિગેરે અવયવો ધ્વારા ભાવોના સ્પષ્ટ પ્રકટીકરણને શાખા સંજ્ઞા આપી છે જ્યારે સાગરનન્દીએ હાથ પગ વિગેરેના સંચાલન અથવા ચેષ્ટા ધ્વારા થતા કાર્યને શાખાભિનય કહયો છે. ભરતમુનિએ એક પાત્ર ધ્વારા ઉચ્ચારિત વાકયોના અન્ય પાત્ર ધ્વારા થતા સૂચા અભિનયને નિવૃત્યંકુર શારીરાભિનયની સંજ્ઞા આપી છે. જ્યારે સાગરનન્દીએ એક પાત્ર ધ્વારા થતા અભિનયની અન્ય પાત્ર ધ્વારા અનુકરણાત્મક રીતે થતી પુનરાવૃત્તિને નિવૃત્યંકુશ સંજ્ઞા આપી છે. ભરતમુનિ કથિત 'નાટયાયિત'નો ઉલ્લેખ સાગરનન્દીએ કર્યો નથી.

'ભાવપ્રકાશન' અંતર્ગત શારદાતનયે મનોભાવના ત્રણ પ્રકાર (૧) ઇષ્ટ (૨) અનિષ્ટ તથા (૩) મધ્ય નિરુપ્યા છે. ઇષ્ટ વિષય પરત્વે શરીરની પ્રસન્નતા, પુલકિત થવું, મનોહર ચેષ્ટા વિગેરે ધ્વારા ઇષ્ટ ભાવનો નિર્દેશ થાય છે, અનિષ્ટ વિષય પરત્વે નાસિકાના અગ્રભાગને સંકોચવો, મુખ ફેરવી લેવું, આંખો ફેરવી લેવી, ગાત્ર-સ્તમ્ભ તથા જુગુપ્સા વિગેરે અનિષ્ટ ભાવમાં અનુભાવો હોય, છે, મધ્યસ્થ મનનો મધ્યસ્થ વિષયમાં ના સામુખ્ય, ના વિમુખતા, ના અધિક હર્ષ, ના અધિક તિરસ્કાર હોય છે. ભરતમુનિએ મનોભાવોના આ ત્રણ પ્રકારનો ઉલ્લેખ મનોભાવાભિનય અંતર્ગત કર્યો છે.

આમ 'સામાન્ય અભિનય' અંતર્ગત ભરતમુનિ નિરુપિત આંગિક અભિનયના કેટલાક અંશોનું સાતત્ય પછીના ગ્રંથોમાં જોવા મળે છે.